## ફોર્મ–એ

સત્યમેવ જયતે

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૯–૦૨–૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૯–૦૨–૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | ૦૫–૦૬–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૨ | ૩ | ૧૭ |

---

**વિરમગામના મહે. એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ (શ્રી આર.બી.મારફતિયા) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ, જી.અમદાવાદ.**

---

**ક્રીમીનલ કેસ નં.૯૭/૨૦૨૪**
**આંકઃ– ૭૧**

**(F.I.R. ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)**
**વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન (અમદાવાદ ગ્રામ્ય) ગુના રજીસ્ટર નં. ૧૧૧૯૨૦૬૧૨૧૦૭૫૨/૨૦૨૧**
**ગુનોઃ– ઈ.પી.કો.ની કલમ ૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો**
**પોલીસ સ્ટેશનઃ વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન (અમદાવાદ ગ્રામ્ય).**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.મ.સ.વ. મારફતે | **વિદ્વાન એ.પી.પી.શ્રી એમ.એ.ઘાસુરા** |
| આરોપી | **(૧) જુનેદભાઈ રફીકભાઈ સિપાઈ**<br>**(૨) અબરાર હુસેન આસીફભાઈ સિપાઈ**<br>બંન્ને રહે. કાસમપુરા વિરમગામ, જી. અમદાવાદ |
| **આરોપી તર્ફે** | **વિ.વ.શ્રી જે.આઇ પાનસેરીયા** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૯/૧૦/૨૦૨૧ |

| | |
|---|---|
| ફરીયાદની તારીખ | ૩૦/૧૦/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૧૯/૦૨/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની કર્યાની તારીખ | ૦૩/૦૫/૨૦૨૫ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારી ખ | ૦૫/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

## આરોપીઓની વિગતઃ–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી | **CRPC** ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **જુનેદભાઇ રફીકભાઇ સિપાઇ** | ૦૧/૧૧/૨૦૨૧ | ૦૨/૧૧/૨૦૨૧ | ઇ.પી.કો.ની કલમ ૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૨. | **અબરાર હુસેન આસીફભાઇ સિપાઇ** | ૦૧/૧૧/૨૦૨૧ | ૦૨/૧૧/૨૦૨૧ | ઇ.પી.કો.ની કલમ ૩૨૪,૫૦૪,૫૦૬(૨) ,૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |

## ફોર્મ–સી
## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટઃ

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૩૮ | ચિંતનભાઇ ઇશ્વરભાઇ ગણાત્રાની જુબાની | ફરિયાદી |

| | | | |
|---|---|---|---|
| ૨. | ૪૧ | દર્શન ઇશ્વરભાઇ ગણાત્રાની જુબાની | સાહેદ |
| ૩. | ૪૨ | કિશન પ્રદીપકુમાર વ્યાસની જુબાની | સાહેદ |
| ૪. | ૪૮ | મહેનદ્રભાઇ જગાભાઇ ની જુબાની | ત.ક.અ. |

## <u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોઃ–</u>

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૩૯ | એફ.આઇ.આર.અસલ |
| ૨. | ૪૩ | અટક પંચનામાની નકલ |
| ૩. | ૪૪ | જાહેરનામાની નકલ |
| ૪. | ૪૯ | ડેપ્યુટ હુકમ |
| ૫. | ૫૦ થી ૫૨ | મેડીકલ સર્ટીફીકેટોની નકલ |
| ૬. | ૫૩ | બનાવવાળી જગ્યાના પંચનામાની નકલ |

## <u>ફોર્મ–ડી</u>

## <u>મુદ્દામાલઃ–</u>

| અનુ.નં. | મુદ્દામાલ | વર્ણન |
|---|---|---|
| ૧. | (૧) | એક સફેદ ધાતુનુ ચપ્પુ જેનો હાથાનો ભાગ સફેદ ધાતુ(સ્ટીલ) માં ફીટ કરેલ છે. જે હાથામાં બંન્ને સાઇડ લાકડાની પટ્ટી મારેલ છે. ચપ્પુની લંબાઇ આશરે ૬ ઇંચ હાથા સાથેની તેમજ પાનાની લંબાઇ ૩ ઇંચ તથા પાનાની પહોળાઇ ૧ ઇંચ જોવા મળે છે.પાનાને એક સાઇડ ધાર અને બીજી સાઇડે અડધા પાના સુધી કાપા તેમજ પાનાના આગળના ભાગે અણી જોવા મળે છે |

## <u>–:જ જ મે ન્ટ:–</u>

**ગુનો :–ઇ.પી.કો.ની કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.**

(૧) આ કામે ફરીયાદપક્ષની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામે આરોપીઓએ તા.૨૯/૧૦/૨૦૨૧ ના કલાક ૧૯.૩૦ વાગ્યાના અરસામા મોજે વિરમગામ ટાવર રોડ હજારી આઇસ્ક્રીમની દુકાનની સામે રોડ પર આ કામના ફરીયાદીના ભાઇ દર્શનનાઓ સાહેદ કીશનની સાથે હજારી આઇસ્ક્રીમ પાસે બેઠા હતા તા વખતે આરોપીઓ પોતાનુ બુલેટ લઇને પસાર થતાં હતા તે વખતે ફરીયાદીના ભાઇ આરોપીને મો.સા. સાઇડમાં ચલાવવાનું કહેતા આરોપીઓ દર્શન તથા કીશન પર એકદમ ઉશ્કેરાઇ જઇ જેમ ફાવે તેમ ગાળો બોલી સાહેદ દર્શનને આરોપી નં. ૧ નાએ છરીના બે ધા છાતીના ભાગે મારી લોહીની ફૂટ કરી, આરોપીઓએ સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી આ કામે ઇ.પી.કો.ની કલમ ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલાની ફરીયાદ આ કામે વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનમાં આપતાં તે અંગેની તપાસ કરનાર અમલદારે ગુન્હાની હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩("સંહિતા") ની કલમ-૧૬૧ અન્વયે ગુન્હાથી વાકેફ સાહેદોના નિવેદનો નોંધી, પંચનામું કરી, આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૨) આ કામે ચાર્જશીટ આવતાં આ કામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૧૯૦(૧)(બી) મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું કોગ્નીજન્સ લીધેલ છે. અને ત્યારબાદ આ કામે આરોપીઓને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે. આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૦ મુજબ પોલીસ તપાસનાં કાગળો આપ્યા અંગેની ખરાઇ કર્યા બાદ તેઓને ગુના અંગે પુછપરછ કરતાં તેઓએ ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી આંક- ૦૮ થી તહોમતનામુ ધડવામાં આવેલ છે. અને આરોપીઓએ ગુનાનો ઇનકાર કરતાં આંક- ૦૯ અને આંક-૧૦ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે. અને ત્યારબાદ આ કામ ગુણદોષ પર આગળ ચલાવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ સાબિત કરવા માટે ઉપરોકત ફોર્મ સી મુજબનાં લેખીત તેમજ મૌખીક પુરાવાઓ રજુ કરેલ છે.

તે સીવાય ફરીયાદપક્ષે વધુ કોઇ પુરાવાઓ રજુ કરેલ નથી. આ કામે ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવાઓ તપાસવા માંગતાં ન હોઈ તેમ મૌખિક રજુઆત કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓનું વિષેશ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર આવતો હોવાથી આ કામે આરોપીઓનુ વિષેશ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમાં તેઓએ તમામ હકીકતોનો ઈનકાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેમના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે. તેમજ તેઓને બચાવના સાક્ષી તપાસવા ન હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી ન હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ત્યારબાદ સદર કામ દલીલો માટે રાખેલ છે.

## <u>દલીલોઃ–</u>

(૪) ત્યારબાદ આ કામે બંને પક્ષકાર તરફે દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, આ કામે આરોપીઓ સામે ગુનો સાબિત થયેલ હોઇ તેઓને યોગ્ય નશ્યત કરવી જોઇએ.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ હાજર થઇ પોતાની રજુઆત કરેલ છે જેમાં મહદઅંશે તેઓ જણાવેલ છે કે, આરોપી સામે ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામે આરોપીઓએ તા.૨૯/૧૦/૨૦૨૧ ના કલાક ૧૯.૩૦ વાગ્યાના અરસામા મોજે વિરમગામ ટાવર રોડ હજારી આઇસ્ક્રીમની દુકાનની સામે રોડ પર આ કામના ફરીયાદીના ભાઇ દર્શનનાઓ સાહેદ કીશનની સાથે હજારી આઇસ્ક્રીમ પાસે બેઠા હતા તા વખતે આરોપીઓ પોતાનુ બુલેટ લઇને પસાર થતાં હતા તે વખતે ફરીયાદીના ભાઇ આરોપીને મો.સા. સાઇડમાં ચલાવવાનું કહેતા આરોપીઓ દર્શન તથા કીશન પર એકદમ ઉશ્કેરાઇ જઇ જેમ ફાવે તેમ ગાળો બોલી સાહેદ દર્શનને આરોપી નં. ૧ નાએ છરીના બે ઘા છાતીના ભાગે મારી લોહીની ફૂટ કરી, આરોપીઓએ સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઇ.પી.કો.ની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો આરોપીએ કરેલછે ?

(૨) શું હુકમ ?

**(૬)** આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**(૭)** આ કામે ઉપરના નિર્ણયો પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**(૭.૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે રજુ કરેલ પુરાવાઓ ધ્યાને લઇએ તો, આ કામે સૌપ્રથમ ફરીયાદપક્ષે **આંક–૩૮ થી ફરીયાદી ચીંતનભાઇ ઇશ્વરભાઇને** તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯/૧૦/૨૦૨૧ના રોજ સાંજના સાડા સાતેક વાગે તેઓ તેમના ઘરે હતા તે વખતે તેમના મિત્ર ઉમેશનો ફોન આવેલ અને જણાવેલ કે તારા ભાઇ દર્શને હજાર આઇસ્ક્રીમ પાસે બાઇક

સાઇડમા લેવા બાબતે મુસલમાનના છોકરા સાથે માથાકુટ થયેલી છે અને સારવાર માટે શીવ હોસ્પિટલ ગયેલ છે. જેથી શિવ હોસ્પિટલ જઇને જોયેલ તો દર્શનને છાતીના ભાગે વાગેલ હતુ અને લોહી નીકળતુ હતુ અને તેને પુછતા તેણે જણાવેલ કે ટાવર ચોક બાજુથી બુલેટ ઉપર અબરાર અને જુનેદ આવેલ અને બુલેટ સાઇડમાં લેવા બાબતે અબરાર સાથે બોલાચાલી થયેલ જેમાં માણસો ભેગા થઇ ગયેલા અના તેમને ધકકામુકકીમા પડી જવાથી ઈજા થયેલી. આરોપીઓએ તેમના ભાઇને માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આ કામે તેઓએ હાલની ફરીયાદ નોંધાવેલી. જે ફરીયાદ તેઓ ઓળખી બતાવે છે પરંતુ તેઓ ફરીયાદની હકીકતોને સમર્થન આપતાં નથી. જેથી તેઓને વિ. એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. અને તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો કરેલ છે. પરંતુ ફરીયાદપક્ષને મદદકર્તા પુરાવો તેઓ મેળવી શકેલ નથી.

સદર ફરીયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં બનાવ નજરે જોયેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

**(૭.૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૪૧ થી સાહેદ દર્શન ઈશ્વરભાઇને** તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯/૧૦/૨૧ ના રોજ સાંજના સાડા સાતેક વાગે હજારી આઇસ્ક્રીમ પાસે બાઇક સાઇડમાં લેવા બાબતે તેઓને અબરાર અને જુનેદ સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને તેમને પડી જવાથી છાતીના ભાગે ઈજા થયેલ આરોપીઓએ તેમને માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ ફરીયાદની હકીકતોને સમર્થન આપતાં નથી, જેથી તેઓને વિ. એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. અને તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો કરેલ છે. પરંતુ ફરીયાદપક્ષને મદદકર્તા પુરાવો તેઓ મેળવી શકેલ નથી.

સદર સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ કઇ તારીખે બનેલો

તે તારીખ તેમને યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે ધણા માણસો ભેગા થઇ ગયેલા અને તેમાં કોણ શું બોલ્યુ તે તેમને યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમને કોઇ ઇજા થયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે અબરારને પડી જવાથી ઇજા થયેલી.

(૭.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક-૪૨ થી સાહેદ કીશન પ્રદીપકુમારને** તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯/૧૦/૨૧ ના રોજ સાંજના સાડા સાતેક વાગે હજારી આઇસ્ક્રીમ પાસે બાઇક સાઇડમાં લેવા બાબતે તેઓને અબરાર અને જુનેદ સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને દર્શનને પડી જવાથી છાતીના ભાગે ઇજા થયેલ.આરોપીઓએ તેમને માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ ફરીયાદની હકીકતોને સમર્થન આપતાં નથી, જેથી તેઓને વિ. એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. અને તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો કરેલ છે. પરંતુ ફરીયાદપક્ષને મદદકર્તા પુરાવો તેઓ મેળવી શકેલ નથી.

સદર સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ કઇ તારીખે બનેલો તે તારીખ તેમને યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે ધણા માણસો ભેગા થઇ ગયેલા અને તેમાં કોણ શું બોલ્યુ તે તેમને યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમને કોઇ ઇજા થયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે અબરારને પડી જવાથી ઇજા થયેલી.

(૭.૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક-૪૮ થી ત.ક.અ. મહેન્દ્રભાઇ જગાભાઇને** તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સદર ગુનાની તપાસ તેમની તરફ આવતા તેઓએ તપાસના કામે જરૂરી લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા અને આરોપીઓને અટક કરેલ. સદર ગુનાના કામે સાહેદોના મેડીકલ સર્ટી. મેળવવા યાદી કરેલ. જે મેડીકલ સર્ટી. આંક ૫૦ થી ૫૨ સુધી રજુ છે. આંક

૪૩ થી રજુ પંચનામામા પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવે છે. તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી.એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે કોઇ સ્વતંત્ર સાહેદોના નીવેદનો નોંધેલ નહી.

તે મતલબના પુરાવાઓ રેકર્ડ પર આવેલ છે.

(૮) હવે આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, હવે આ કામે આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ ૩૨૪,૫૦૪,૫૦૬(૨) મુજબનો ગુનો નોંધયેલ છે. કોઈપણ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહે છે. એટલે કે, પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે.ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે સંભવીતતા દર્શાવવાની નથી પરંતુ આરોપી પર મુકવામાં આવેલ તહોમત શંકાથી પર સાબિત કરવાનું છે.આ કામે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી.ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી કોઈ અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો તેણે પુરાવાનાં સિધ્ધાંતો મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે. તે શંકાથી પર સાબિત કરવાની જરૂર નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો, એક સામન્ય સમજણ ધરાવતી વ્યક્તિ જે સંજોગોમાં જે હકીકતોનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકતોને સાબિત થયેલી ગણાય.

(૯) ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામે પડેલાં પુરાવાઓની ચકાસણી કરવામાં આવે તો,આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીને આંક ૩૮ થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં બાઈક સાઈડમા લેવા બાબતે આરોપીઓ અને તેમના ભાઈ વચ્ચે સામાન્ય

બોલાચાલી થયેલ હોવાનું જણાવે છે. અને આરોપીએ માર મારેલ ન હોવાનો પુરાવો આપેલ છે. તેમજ કોઇએ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપેલ ન હોવાનું જણાવેલ છે. વળી તેઓ બનાવ વખતે તેમના ઘરે હતા. તેઓને તેમના મિત્રનો ફોન આવતા સદર બનાવ બાબતની જાણ થયેલી. આમ તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી. આમ ફરીયાદીનાં પુરાવાથી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી. ત્યારબાદ આંક ૪૧ થી ચીંતન ઇશ્વરભાઇ કે જઓ તેમજ આ કામે ભોગ બનનાર સાહેદ પણ છે. પરંતુ તેઓ આ કામે આરોપીઓએ તેઓને માર મારેલ હોય કે ઈજાઓ પહોંચાડેલ હોય તેવો પુરાવો આપતાં નથી. આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલાની હકીકત જણાવે છે. તેઓને ધકકામુકકીમા પડી જવાથી ઈજા થયેલ તેમ સરતપાસમાં જણાવે છે. વળી તેઓને કોઇ ઈજા થયેલ ન હોવાનુ તેમજ અબરારને પડી જવાથી ઈજા થયેલ હોવાનુ ઉલટતપાસમાં કબુલ રાખે છે. વધુમાં બનાવ વખતે ઘણા માણસો ભેગા થઇ ગયેલ હોય કોણ શું બોલ્યુ તે યાદ ન હોવાનુ જણાવે છે. સાહેદ કીશન પ્રદીપકુમારને આંક– ૪૨ થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં બાઇક સાઇડમા લેવા બાબતે આરોપીઓ અને તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવે છે. અને આરોપીએ માર મારેલ ન હોવાનો પુરાવો આપેલ છે. તેમજ કોઇએ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપેલ ન હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદપક્ષનાં તમામ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે. અને વિ. એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ પણ કરેલ છે. પરંતુ તેઓ ફરીયાદને મદદકર્તા પુરાવો મેળવી શકેલ નથી. આ કામે તપાસ કરનાર અમલદાર તેઓએ કરેલી તપાસના અનુરૂપ પુરાવો આપે છે. વળી આ કામે આરોપીપક્ષની સંમતીથી તમામ પંચનામાને આંક આપવામાં આવેલ છે. પરંતુ તેટલા માત્રથી આરોપીએ જ ઈજાપામનારને ઈજાઓ કરેલ તે બાબત સાબીત થઇ શકતી નથી કે આરોપીઓએ હથીયાર ધારણ કરેલ હોય કે તેના વડે માર મારેલ હોય તેવી હકીકત સાબીત થઇ શકતી નથી.

**(૧૦)** આમ તે રીતે ચર્ચા કર્યા મુજબ આ કામે આરોપીઓએ તા.૨૯/૧૦/૨૦૨૧ ના કલાક ૧૯.૩૦ વાગ્યાના અરસામા મોજે વિરમગામ ટાવર રોડ હજારી આઇસ્ક્રીમની દુકાનની સામે રોડ પર આ કામના ફરીયાદીના ભાઇ દર્શનનાઓ સાહેદ કીશનની સાથે હજારી આઇસ્ક્રીમ પાસે બેઠા હતા તા વખતે આરોપીઓ પોતાનુ બુલેટ લઇને પસાર થતાં હતા તે વખતે ફરીયાદીના ભાઇ આરોપીને મો.સા. સાઇડમાં ચલાવવાનું કહેતા આરોપીઓ દર્શન તથા કીશન પર એકદમ ઉશ્કેરાઇ જઇ જેમ ફાવે તેમ ગાળો બોલી સાહેદ દર્શનને આરોપી નં. ૧ નાએ છરીના બે ધા છાતીના ભાગે મારી લોહીની ફૂટ કરી, આરોપીઓએ સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી આ કામે ઇ.પી.કો.ની કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકતો નથી. જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દાનં. ૨ નો આખરી નિર્ણય નીચે મુજબ કરૂં છું.

## <u>હુકમ</u>

**(૧)** આ કામના આરોપી **(૧) જુનેદભાઇ રફીકભાઇ સિપાઇ, (૨) અબરાર હુસેન આસીફભાઇ સિપાઇ,** બંન્ને રહે. કાસમપુરા વિરમગામ, જી. અમદાવાદ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.ની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે જપ્ત કરવામાં આવેલ મુદામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબનાં રૂ. ૨૫૦૦૦/– નાં જામીન ખત રજુ કરવાં.

આ હુકમ આજરોજ તા. ૦૫મી નાં જુન માસનાં સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૦૫/૦૬/૨૦૨૬
વિરમગામ

આર. બી. મારફતીયા
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વિરમગામ, જી. અમદાવાદ.
Judge Code no. GJ00633

P.A.Parmar/P.A.